ચક્ષુદાન મહાદાન






VISION 2020
THE RIGHT TO SIGHT

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ

# આઠમો
## વાર્ષિક અહેવાલ
## ૨૦૧૭-૧૮

ઘસાઈને ઉજળા થઈએ, બીજાના ખપમાં આવીએ. - રવિશંકર મહારાજ

## ગુણવત્તા સુધારણા

દર્દીઓની સુવિધા અને સારવારની ગુણવત્તા ઉત્તરોત્તર સુધરતી રહે તે માટેના પ્રયત્નો સતત કરવામાં આવે છે. ગુણવત્તા સુધારણા માટે કવોલીટી ચેક, જુદી જુદી રીતે કરવામાં આવે છે. જેમ કે હોસ્પિટલમાં પ્રસ્થાપિત સાધનોનું નિયમિત સમયાંતરે મેઈન્ટેનન્સ અને કેલીબ્રેશન, ઓટોક્લેવ માટે વપરાતા પાણીની ગુણવત્તા, રસોડામાં થતી રસોઈની ગુણવત્તા,સાફ સફાઈની કામગીરીનું સુપરવીઝન અને તેની ચકાસણી તથા દર્દીઓના ફીડબેક ફોર્મ દ્વારા મળેલા સૂચનોના અમલીકરણ દ્વારા ગુણવત્તા જાળવવાનો અભિગમ.

સાધનોની સફાઈ માટે આર.ઓ. થયેલા પાણીનો ઉપયોગ થાય છે. આ વર્ષે આ આર.ઓ મશીન રીપેર થયા બાદ તેના ટેકનીશ્યને પાણી યોગ્ય ગુણવત્તાનું છે એમ પ્રમાણિત કર્યુ. પરંતુ આ પાણીના સેમ્પલની ચકાસણી કરતા અમારા લેબોરેટરી સ્ટાફે જણાવ્યું કે પાણીમાં બેકટેરીયાનો ગ્રોથ હજુ પણ જણાય છે તેથી ફરીથી તેને રીપેર કર્યુ અને ફરી સેમ્પલ લઈને જયાં સુધી યોગ્ય ગુણવત્તાવાળુ પાણી ન મળ્યું ત્યાં સુધી યોગ્યતાનું સર્ટીફીકેટ ન આપ્યું.

આ ઉપરાંત ઈન્ફેકશન કંટ્રોલના ધારાધોરણનો ચુસ્તપણે અમલ કરવા એક નર્સની નિમણૂંક કરી છે તેમજ ઈન્ફેકશન કંટ્રોલ કમિટીની રચના કરી છે, જે નિયમિત સમયાંતરે મળે છે અને નાનામાં નાની બાબત પર ઘનિષ્ઠ દેખરેખ રાખે છે.

મોતિયાના ઓપરેશન થઈ ગયા પછી તે આંખમાં હવે કેવું દેખાય છે તેનો સર્વે કરી આઉટકમ એનાલીસીસ કરવામાં આવે છે. સામાન્ય રીતે દર્દીઓ ઓપરેશન પછી ફરી બતાવવા આવે ત્યારે તેનો ખ્યાલ આવી જાય પરંતુ જે દર્દીઓ ફરી બતાવવા ન આવે તેમાંથી લગભગ ૩૦૦ જેટલા દર્દીઓનું ઘરે જઈને વિઝન ચેક કર્યુ જેથી ઓપરેશનની ગુણવત્તા ચકાસી શકાય.

ઓપરેશન થીયેટરમાં વિડીયો કેમેરાથી દરેક ઓપરેશનનું વિડીયો રેકોર્ડીંગ થાય છે અને તેનું મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

દર્દીને તથા તેના સગાને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા ચકાસવા દરરોજનું ભોજન ચાખવાનું તેમજ દર અઠવાડિયે રસોડાની ચોખ્ખાઈ તથા હિસાબકિતાબ - સ્ટોક વિગેરેની દેખરેખ માટે ખાસ મોનીટરીંગ કરવામાં આવે છે.

તે જ રીતે બાથરૂમ-સંડાસની નિયમિત સફાઈ અને તેની નોંધ માટે દરેક બાથરૂમ-સંડાસની બહાર મોનીટરીંગ શીટ લગાડી છે અને તેના સુપરવીઝન માટે અલગ સ્ટાફની નિમણૂંક કરી છે.

તે જ રીતે દર્દીઓ દ્વારા મેળવેલ પ્રતિભાવને આધારે હોસ્પિટલ, વોર્ડ, સ્પેશ્યલ, સેમી સ્પેશ્યલ રૂમ, ઓપીડી, કીચન વિગેરેમાં યોગ્ય સુધારા અમલમાં મૂકયા. આમ દર્દીઓને ગુણવત્તાસભર સારવાર વ્યાજબી કિંમતે મળી રહે તે માટેના સભાન પ્રયત્નો કરવામાં આવે છે.

શુભેચ્છક શ્રી,

આપની સમક્ષ આઠમો વાર્ષિક રીપોર્ટ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ.

ટ્રસ્ટની રચના કરી અને અન્ય ફોર્માલીટી પુરી કરતા ૨૨ મે ૨૦૧૧ના રોજ આંખની હોસ્પિટલ કાર્યરત થઈ તેને જોત જોતામાં ૭ વર્ષ 'મે' ૨૦૧૮ માં થશે. ૭ વર્ષમાં ૬૦૦૦૦ થી વધુ આંખના ઓપરેશનો થયા. આ વર્ષે ૧૨,૪૬૭ ઓપરેશન થયા.

૪૦ પથારીની આંખની હોસ્પિટલથી શરૂ કરીને ૧૦૦ પથારીની સુવિધા પ્રાપ્ત થઈ શકે એટલી પ્રગતિ થઈ. સાથે જ ટર્શીયરી આઈ કેર સેન્ટર તરીકે નામના પણ મેળવી.

માત્ર આંખની સારવાર જ નહીં, પરંતુ સ્ટાફના કૌશલ્ય વર્ધન માટેના સઘન પ્રયત્નો, સ્ટાફની સુખાકારી માટેના પ્રયત્નો, સમાજને મદદરૂપ થવાના શકય પ્રયત્નો, પર્યાવરણ સુરક્ષા માટે કેળવેલ અભિગમ અને પ્રતિબધ્ધતા. આમ સર્વાંગી વિકાસના અભિગમને ધ્યાનમાં લઈ વર્ષ ૨૦૧૭–૧૮નો વિઝન–૨૦૨૦નો ''હોલીસ્ટીક એપ્રોચ'' માટે 'લોટસ' એવોર્ડ મળ્યો. જે છત્તીસગઢની રાજધાની રાયપુર ખાતે આયોજીત વાર્ષિક કોન્ફરન્સમાં એનાયત કરવામાં આવ્યો.

આંખની સારવાર ઉપરાંત ટ્રેનીંગ અને રીસર્ચ પ્રત્યે પણ સંનિષ્ઠ પ્રયત્ન કરવાથી વર્ષ દરમિયાન ઉકા તરસાડીયા યુનિવર્સીટી બારડોલી સંચાલિત બી.ઓપ્ટોમેટ્રી કોર્ષની મંજૂરી મળી અને કોર્ષની શરૂઆત કરી.

અમલસાડી ગામે દાનમાં મળેલી જમીનને એન.એ. કરાવવાની પ્રક્રિયા ચાલુ છે. નવું કેમ્પસ ડેવલપ કરવા, નકશા તૈયાર કરાવ્યા છે. આ પ્રોજેકટ લગભગ ૩૦ થી ૩૫ કરોડનો થશે. તેને માટે શુભેચ્છકો, દાતાઓ તરફથી સહકાર અપેક્ષિત છે અને આશા છે કે આ પ્રોજેકટ માટે પણ ઉદાર સહાય પ્રાપ્ત થશે જ.

| ભરતભાઈ શાહ | નલીનભાઈ શાહ | ડો.ઉદય ગજીવાળા |
|---|---|---|
| પ્રમુખ | મંત્રી | ઉપપ્રમુખ |

તા. ૨૮-૧૧-૨૦૧૮ માંડવી

## વિતેલા વર્ષ પર નજર

હોસ્પિટલની કામગીરી શરૂ કર્યાને ૨૨ મી મે એ ૬ વર્ષ પુરા થયા, તેની ઉજવણી કરી. આ વર્ષે ૨૧ મીએ(રવિવાર હોવાથી) ગણેશ પૂજન તેમજ સ્ટાફ પરિવાર સાથે સંગીત સંધ્યા અને સમૂહ ભોજન કરી સ્થાપના દિનની ઉજવણી કરી.

દર્દી સાથે સ્ટાફનો વ્યવહાર સારો છે પણ હજુ વધારે સારી રીતે, સ્પષ્ટ,અસરકારક વાર્તાલાપ (કોમ્યુનીકેશન) કઈ રીતે થાય તેની ટ્રેનીગ માટે ડો.નીલેશ ઠાકોર (જેઓ યુનીસેફ દ્વારા ટ્રેઈન્ડ છે.) માંડવી આવ્યા અને બધા સ્ટાફને બે બેચમાં સોફ્ટ–સ્કીલ ડેવલપમેન્ટના વર્કશોપમાં સામેલ કર્યા.

સોલાર પાવરથી ઉત્પન્ન થતી વીજળી માટે બાયડાયરેકશનલ મીટર લાગ્યું અને નવા મકાનમાં પણ સોલાર પાવર જનરેટીગ પ્લાન્ટ ઈન્સ્ટોલ કર્યો.મીટરલાગવાથી લાઈટબીલમાં થોડી રાહત થઈ છે.

તા.૩ અને ૪ જૂન વીઝન ૨૦૨૦, રાઈટ ટુ સાઈટ, ઈન્ડિયાની રાયપુર છત્તીસગઢ ખાતે વાર્ષિક કોન્ફરન્સમાં દિવ્યજ્યોતિ ટ્રસ્ટને હોલીસ્ટીક એપ્રોચ માટે 'લોટસ' એવોર્ડ મળ્યો. આ એવોર્ડમાં રૂા.૫૦,૦૦૦/–નો ચેક અને પ્રમાણપત્ર તથા મેમેન્ટો છે.ટ્રસ્ટ દ્વારા સારવાર ઉપરાંત સ્ટાફના સર્વાંગી વિકાસ માટે થતા પ્રયત્નો, તાલીમ, રીસર્ચ, પર્યાવરણ સુરક્ષાનો અભિગમ વિ.સઘળી બાબતો ધ્યાનમાં લઈ આ એવોર્ડ આપવામાં આવ્યો. આ કોન્ફરન્સમાં ડો. રોહનભાઈએ ફ્રી પેપર પ્રેઝન્ટેશનમાં પ્રથમ ઈનામ મેળવ્યું.

જૂનની ૨૦મી તારીખે ૫૦૦૦૦મું ઓપરેશન કર્યું.તેની ખુશી સર્વ સ્ટાફ સભ્યો સાથે ભોજન કરીને માણી અને એપ્રિલમાં સ્ટાફને ૭.૫% ઈન્ક્રીમેન્ટ આપ્યું હતું તેમાં બીજા ૨.૫% જાહેર કર્યા. આમ ૧૦% રેગ્યુલર ઈન્ક્રીમેન્ટ આપ્યું.

જૂલાઈમાં ઉકા તરસાડીયા ફાઉન્ડેશનના સહયોગથી બારડોલીમાં વીઝન સેન્ટરની શરૂઆત કરી. એથીક્સ કમિટીના રજીસ્ટ્રેશનની મંજૂરી ૧૪મી ઓગષ્ટે મળી.દર વર્ષની જેમ ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરી. ધ્વજવંદન કારોબારી સભ્યશ્રી વિજયભાઈ શાહના હસ્તે કરાવ્યું. ઓગષ્ટમાંજ ઉકા તરસાડીયા યુનિ. સંચાલિત દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ માટે મંજૂરી મળી અને સપ્ટેમ્બર.૧૭ થી ૬ વિદ્યાર્થીથી આ કોલેજની શરૂઆત થઈ.આ વર્ષે મંજૂરી મળી પરંતુ એડમીશન પ્રક્રિયા ખૂબ મોડી શરૂ થવાના કારણે વિદ્યાર્થીઓ એ અન્ય શાખામાં એડમીશન લઈ લીધું હોવાથી તેમજ આ કોર્ષ વિશે માહિતી ન હોવાથી આ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે.

વર્લ્ડ સાઈટ ડેની ઉજવણી કરવા માંડવીમાં મોટરસાઈકલ રેલીનું આયોજન કર્યુ. ઉમરપાડામાં તાલુકાની ઉમરખાડી ગામની શાળામાં અભ્યાસ કરતાં ૫૦૦ થી ૭૦૦ બાળકોએ રેલી કાઢી.વ્યારા સેટેલાઈટ સેન્ટર અને બારડોલી વિઝન સેન્ટર પર ડાયાબિટીક રેટીનોપથી માટે દર્દીઓની તપાસ કરી. ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેકટ માટે પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા દ્વારા મળેલી ગ્રાટમાંથી ખરીદેલા સાધનો સીવીલ હોસ્પિટલ,સુરતના આંખ વિભાગને સુપ્રત કર્યા.

નવેમ્બરમાં સ્ટાફની હાજરી ઈલેકટ્રોનીક માધ્યમથી નોંધવા "ફેસ રીડર" ખરીદ્યુ. ૪ મહિના પ્રયોગાત્મક રીતે ફેસ રીડર અને હાજરીપત્રકથી હાજરી નોંધાઈ. એપ્રિલથી માત્ર ફેસ રીડરથીજ હાજરી નોંધાશે.

ડીસેમ્બરમાં ડીએનબી કોર્ષ માટે અરજી કરી હોવાથી બેંગ્લોરથી ડો.મંજુ રેડ્ડી ઈન્સ્પેકશન માટે આવ્યા હતા. તેજ રીતે **ISO**ના શ્રી ઋષાંગભાઈ ૧૪મી ડીસેમ્બરે આવ્યા અને જરૂરી સૂચન કર્યા. ઉચ્છલ વીઝન સેન્ટરનું ઉદ્દઘાટન ૧૫મી ડીસેમ્બરે કર્યુ. બારડોલી વીઝન સેન્ટરનું ઉદ્દઘાટન જૂલાઈમાં કર્યુ. સ્ટાફના સભ્યોની બચત મંડળી ગઠિત કરી છે. તેના ઈન્સ્પેકશન માટે ૧૯મી ડીસેમ્બરે સુરતથી અધિકારી આવ્યા અને રજીસ્ટ્રેશન ૩૦મી ડીસેમ્બરે થયું. તેમજ ૩૦મી એ કાકરાપાર અણુમથકમાંથી ફાયર ઓફીસરે આવીને ફાયર સેફ્ટી અંગે પ્રત્યક્ષ નિદર્શન કર્યુ અને જુદા જુદા પ્રકારના અગ્નિ

શામક સાધનની સમજ આપી.

શેલ કું. હજીરા દ્વારા તેમના **CSR** પ્રોજેક્ટ અંતર્ગત હજીરાની આજુબાજુના વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓની આંખની તપાસનું કામ જાન્યુઆરીમાં કર્યું. કુલ ૧૦,૦૦૦ બાળકોની તપાસ કરવાની છે. કુલ ૧૭ વીઝીટ કરીને ૯૮૧૮ બાળકોની તપાસ થઈ. ૧૮૮ બાળકોને ચશ્મા આપ્યા અને ૭૬ રીફર થયા.

૨૬મી જાન્યુઆરી એ કારોબારી સભ્ય શ્રી નીમેષભાઈ શાહ દ્વારા ધ્વજવંદન કરાવ્યું અને સ્ટાફ તથા પરિવારનો 'પોઈચા'નો પ્રવાસ ગોઠવ્યો. જેનો સારી સંખ્યામાં સ્ટાફે સપરિવાર લાભ લીધો.

અમલસાડી ખાતે દાનમાં મળેલી જમીન ખેતીની છે તેને બિન–ખેતીમાં ફેરવવાની અરજી જાન્યુઆરીમાં કરી અને આર્કીટેકટની નિમણૂંક કરી. આર્કીટેકટ અને અન્ય કન્સલ્ટન્ટ તથા સીલેકટેડ ટ્રસ્ટીઓની એક મિટીંગ ફેબ્રુઆરીમાં કરી.

ગુણવત્તા સુધારના પ્રયત્ન માટે બહારની સંસ્થા દ્વારા મૂલ્યાંકન થતું રહે છે. વર્ષની શરૂઆતમાં દિલ્હીની શ્રોફ ચેરીટી આઈ હોસ્પિટલમાંથી કવોલીટી એસ્યોરન્સ ચેક માટે બે સ્ટાફ બે દિવસ માટે આવ્યા. તેમણે દરેક વિભાગનું ચેકીંગ કરી સૂચનો કર્યા, જેની ચર્ચા કોરગ્રુપના સભ્યો સાથે પણ કરી અને ફેરફાર અમલમાં મૂકયા. વર્ષના અંતે મીશન ફોર વીઝનના ધનાજી રામપીસે આવ્યા અને તેમણે હોસ્પિટલ ફેસીલીટી એસેસમેન્ટની પ્રક્રિયા હાથ ધરી. દર્દીલક્ષી સુવિધા નિયત ધારા ધોરણ મુજબ આપણે મહત્તમ આપીએ જ છીએ એમ જણાવ્યું.

વર્ષ દરમિયાન ડો. પાર્થ જોષી, ડો. આકાશ શાહ, ડો. જાગૃતિ જરીવાળા તથા ડો. જયોતીન્દ્ર બ્રહ્મભટ્ટ છૂટા થયા અને ડો. નિરાલી પટેલ તથા ડો. અલ્કા ગુપ્તા જોડાયા. કવોલીફાઈડ ઓપ્ટોમેટ્રીસ્ટ સિધ્ધી બગીયા જોડાયા.

**<u>કેસ સ્ટડી</u>**

માંડવી તાલુકાના ગામતળાવ ગામના વતની મંગીબેન હળપતિ ૬૫ વર્ષના છે. તેમને છેલ્લા પાંચ મહિનાથી દેખાતું ન હતું. જમણી આંખમાં ઘણા વખત અગાઉ વાગ્યુ હતું તેથી તે આંખે તો દેખાતું જ નહોતું પણ ડાબી આંખમાં પાંચ મહિનાથી દેખાતું નહોતું. તેઓ માંડવી પણ આવી શકે તેમ નહોતા. તેથી જયારે ગામતળાવ મુકામે કેમ્પનું આયોજન કર્યું ત્યારે તેમનાં પુત્ર તેમને કેમ્પમાં બતાવવા લાવ્યા અને ત્યાં તેમને મોતિયો હોવાનું નિદાન થયું, તેથી હોસ્પિટલની ગાડીમાં બેસાડીને માંડવી લાવ્યા.

જમણી આંખમાં હવે કંઈ જ થઈ શકે તેમ ન હોવાથી ડાબી આંખમાં ઓપરેશન કરીને તેઓ જોઈ શકશે એમ સમજાવ્યું હતું. પરંતુ મંગીબેન ડરતા હતાં. ખૂબ સમજાવટના અંતે, તેઓ ઓપરેશન કરાવવા તૈયાર થયા. મંગીબેનની આર્થિક સ્થિતિ જોતા, ઓપરેશન મફતમાં થયું અને દવા–ચશ્મા પણ ફ્રી આપ્યા. હવે તેમને ડાબી આંખે દેખાતું થઈ ગયું હોવાથી મંગીબહેન બહુ ખુશ છે. કારણકે અંધાપાને કારણે તેઓ ખૂબ લાચારી અનુભવતા હતા અને તેમની દેખભાળ માટે કુટુંબના સભ્યોમાંથી કોઈએ ઘરે હાજર રહેવું પડતુ પણ હવે તેઓ સ્વાવલંબી થઈ ગયા છે.

મંગીબહેનના પુત્ર જણાવે છે કે મંગીબહેનની સારવાર માટે ઘણી હોસ્પિટલ અને ડોકટરો તો ઘણા જોયા પણ પૈસાના અભાવે કોઈ પણ જગ્યાએ સારવાર ન થઈ, પરંતુ તેજસ આંખની હોસ્પિટલમાં સારવાર–સર્જરી ફ્રી થયા અને દેખાતું પણ થઈ ગયું. તેઓ સૌ ખૂબ ખુશ છે.

## હોસ્પિટલ

હોસ્પિટલમાં આવતા દર્દીઓના રેકોર્ડસ ૩ થી ૫ વર્ષ સુધી સાચવવા પડે છે. તેને કાગળો–ફાઈલોના રૂપે સાચવવા માટે ઘણી જગ્યા રોકાય અને શોધવા મુશ્કેલ થાય. તે જોતાં બધા જ રેકોર્ડસ્‌ને સ્કેન કરીને ઈલેક્ટ્રોનીક રેકોર્ડમાં ફેરવવા શરૂ કર્યા.

હોસ્પિટલમાં ગરીબોનું કામ વધુ પ્રમાણમાં થતું હોવાથી અન્ય ડોકટર્સ પણ સદભાવનાથી પ્રેરાઈને દૂર–દૂરથી મદદ કરવા આવે છે. મુંબઈથી ડો.સૌમીલભાઈ કોઠારીએ આ વર્ષે એક દિવસ આવીને ૪ મુશ્કેલ સર્જરી કરી.તેજ રીતે ૧૪ દિવસમાં ડો.શીતલબહેને ઝામરની ૪ સર્જરી કરી.

દિવાળીના દિવસોમાં સામાન્ય રીતે કામ ઓછું રહેતું હોય છે પરંતુ આ વર્ષે વાઘબારસના દિવસે પણ ૨૫૫ દર્દીઓની ઓપીડી થઈ અને આખા વર્ષની મહત્તમ ઓપીડી જાન્યુઆરીની ૨૯મી એ ૨૯૫ દર્દીઓની થઈ.તે દિવસે કુલ ૯૬ ઓપરેશનો થયા તેમજ કાકરાપાર અણુમથક દ્વારા સ્પોન્સર્ડ મેગા કેમ્પના તથા અન્ય કુલ મળીને ૧૬૦ ઈન્ડોર દર્દીઓ હતા. જયારે પણ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધુ હોય ત્યારે નજીકની જ પૂનમવાડીમાં પ્રીઓપરેટીવ દર્દી અને સગાની સૂવાની વ્યવસ્થા કરવામાં આવે છે.વર્ષ દરમિયાન લગભગ ૭ થી ૮ વાર પૂનમવાડીની આવી મદદ મળી રહે છે. જે બદલ પૂનમવાડીના સંચાલકોનો ખૂબ ખૂબ આભાર.

વર્ષ દરમિયાન એક વિશિષ્ટ કિસ્સો એક વૃધ્ધ દર્દીની કોર્નીયલ સર્જરી દરમિયાન જોવા મળ્યો. દર્દીને અચાનક આંખમાંથી ખૂબ લોહી નીકળવા લાગ્યું. પહેલા તેઓ મુંબઈ જઈને આવ્યા હતા પણ તેમનું હદય 30% જ કામ કરતું હતું, તેથી ત્યાં ઓપરેશન ન થયું. અહિં આપણે તેનું ઓપરેશન કર્યુ. બધી દવા ઈંજેકશન વિગેરેની પૂરતી કાળજી કરી અને બે એનેસ્થેટીસ્ટ્સની હાજરીમાં સફળતા પૂર્વક ઓપરેશન પાર પાડયું.

ડો.ઉપેન્દ્રભાઈ પટેલ અને ડો.અરવિંદભાઈ પટેલ માનદ્ એનેસ્થેટીસ્ટ તરીકે સેવાઓ આપે છે. તેમાં ડો.પ્રતીક ચૌધરી જૂન.૧૭થી વિઝીટીંગ એનેસ્થેટીસ્ટ તરીકે આવે છે.

હોસ્પિટલમાં આવતા દર્દીઓમાં દારૂનું પ્રમાણ ઠીક ઠીક નોંધપાત્ર છે.કેટલીકવાર અતિશય બંધાણી હોય એવા દર્દી દારૂ ન મળવાને કારણે અત્યંત વિચિત્ર વર્તન કરે છે અને જો આવા દર્દી સાથે તેના કોઈ સગા ન હોય તો હાલત કફોડી થઈ જાય છે. કયારેક આંખ આડા કાન કરીને આપણે જ દારૂ પીવા દેવો પડે છે!! વળી તેમના ઘરનાને જાણ કરી તેમને પરત મોકલવાની વ્યવસ્થા પણ કરવી પડે છે. આવા અણધાર્યા અને અનિચ્છનીય પ્રસંગ પાર પાડવામાં બધી જ ક્ષમતાની કસોટી થઈ જાય છે.તેમ છતાં ઈશ્વરકૃપાથી અને લોકોએ અમારામાં મૂકેલા વિશ્વાસથી કામગીરી વણથંભી ચાલી રહી છે.

### કેસ સ્ટડી ( ફોરેન બોડી)

૬૦ વર્ષના મંજુબેન સોમાભાઈ દેવરા મૂળ તો અમદાવાદના વતની છે પણ તેમના દીકરાઓ કામ–ધંધાર્થે વ્યારામાં સ્થાયી થયા છે. તેથી વ્યારા સેટેલાઈટ સેન્ટર પર બતાવવા ગયા. તેમને ૯ વર્ષ અગાઉ આંખમાં કચરૂં પડયું હતું પણ અન્ય હોસ્પિટલમાં બતાવ્યું ત્યાં ''દવાથી નીકળી જશે'' એમ જણાવી દવા આપી હતી. દવાથી કચરૂ તો નહોતું નીકળ્યું પણ કીકી સફેદ થવા લાગી હતી. વ્યારાથી તેમને માંડવી મોકલ્યા અને માંડવીમાં તેમની ડાબી આંખમાંથી લોખંડની કટાયેલી બારીક કણી નીકળી હતી.

કચરૂ નીકળી ગયા પછી તેમને ખૂંચવાનું પણ બંધ થઈ ગયું અને દ્રષ્ટિમાં પણ સુધારો જણાયો. છેલ્લા ૯ વર્ષથી આંખમાં ખૂંચવાને કારણે તેઓ ખૂબ હેરાન થતા હતા અને કામમાં પણ બેચેની લાગતી . મંજુબેનના દીકરાઓ પણ વારંવાર હોસ્પિટલ લઈ જઈને કંટાળી ગયા હતા.તેઓ કહે છે કે અમદાવાદ જેવા મોટા શહેરમાં પણ સાચી સલાહ કે યોગ્ય સારવાર ન મળી તે માંડવી જેવા નાના નગરમાં મળી. તેઓ ખૂબ જ ખુશ છે. અને હોસ્પિટલ ખૂબ પ્રગતિ કરે, તેવી પ્રાર્થના કરે છે.

### ટેબલ નં. ૧ – હોસ્પિટલ ઓપીડીની આંકડાકીય માહિતી

| વર્ષ | નવા | | જુના | | બાળકો (નવા કેસ) | | બાળકો (જુના કેસ) | | આદિવાસી | બિન આદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૧૫-૧૬ | ૨૬૯૮૯ | ૨૦૧૮૧ | ૧૧૨૬૫ | ૯૧૩૮ | ૧૯૭૫ | ૧૫૮૭ | ૮૩૮ | ૬૦૩ | ૪૯૯૬૮ | ૨૨૬૦૮ | ૭૨૫૭૬ |
| ૨૦૧૬-૧૭ | ૩૧૨૭૭ | ૨૮૯૬૮ | ૧૧૯૬૪ | ૯૪૭૦ | ૨૪૧૮ | ૨૦૭૫ | ૧૨૨૮ | ૬૪૬ | ૬૦૩૨૮ | ૨૭૯૧૪ | ૮૮૨૪૨ |
| ૨૦૧૭-૧૮ | ૩૬૬૨૧ | ૩૩૨૬૪ | ૧૧૭૦૦ | ૯૨૫૭ | ૨૬૨૬ | ૨૫૨૯ | ૧૧૯૦ | ૭૭૯ | ૬૪૦૮૮ | ૩૪૦૫૮ | ૯૮૧૪૬ |







## સ્પેશ્યાલીટી કલીનીક

માંડવી જેવા ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં આંખની હોસ્પિટલ શરૂ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ, એક જ છત હેઠળ આંખના બધા જ રોગની સારવારની સુવિધા વ્યાજબી દરે/ ગરીબોને નિઃશુલ્ક મળી રહે તે છે.તેથી શરૂઆતથી જ આંખના વિવિધ રોગોની સારવાર માટે આધુનિક સાધનો /મશીનો મેળવવા તેમજ નિષ્ણાંત તબીબોની વ્યવસ્થા કરવા પ્રયત્નશીલ રહયા.

શરૂઆતમાં વિવિધ નિષ્ણાંતો સુરત,મુંબઈ,વડોદરા કે અમદાવાદથી વિઝીટીગ ડોકટર તરીકે મહીનામાં એક કે બે કે જરૂર પ્રમાણે વધુ સમય આવીને સેવાઓ આપતા હતા. હાલ હોસ્પિટલમાં ફેકો પધ્ધતિથી ઓપરેશન કરનાર નિષ્ણાંત ડોકટર, પડદાના ડોકટર, ઝામર તથા કીકીના રોગોના નિષ્ણાંત પૂર્ણ સમય માટે હાજર છે.બાળકોની આંખના નિષ્ણાંત ડોકટર પણ મે.૧૮ થી જોડાયા. આ ઉપરાંત ઓકયુલોપ્લાસ્ટી, ન્યુરો ઓપ્થોલ્મોલોજીના ડોકટર વિઝીટીગ ડોકટર તરીકે સેવા આપે છે.

આમ લગભગ બધા જ પકારના આંખના રોગોના નિષ્ણાંત ડોકટર્સ તેમજ સારવાર માટેના સાધનોની ઉપલબ્ધતાને કારણે તેજસ આંખની હોસ્પિટલ ટર્શીયરી આઈ કેર સેન્ટર તરીકેની પ્રતિષ્ઠા મેળવી ચૂકી છે.

વર્ષ દરમિયાન આંખના જુદા જુદા રોગોની સારવાર અંગેની આંકડાકીય માહિતી ટેબલ નંબર ૬ માં દર્શાવેલ છે.

### ટેબલ નં : ૨ ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીગ રીપોર્ટ રેટીના કલીનીક વર્ષ ૨૦૧૭ –૧૮

| મહીનો | ડાયાબિટીક દર્દીની તપાસ | ડાયાબિટીક રેટીનોપથી ગ્રેડ | સારવાર આપેલ દર્દી | | |
|---|---|---|---|---|---|
| | | | એવાસ્ટીન ઈંજેકશન | લેસર | વિટ્રેકટોમી |
| એપ્રિલ | ૧૦૬ | ૭૦ | ૦૬ | ૪૯ | ૦૩ |
| મે | ૧૨૮ | ૯૮ | ૧૨ | ૪૬ | ૦૧ |
| જૂન | ૧૫૨ | ૯૨ | ૧૯ | ૩૦ | ૦૩ |
| જુલાઈ | ૧૨૮ | ૮૪ | ૨૧ | ૫૨ | ૦૫ |
| ઓગષ્ટ | ૧૮૩ | ૧૪૫ | ૧૦ | ૪૯ | ૦૩ |
| સપ્ટેમ્બર | ૧૮૬ | ૧૫૭ | ૧૭ | ૭૬ | ૦૨ |
| ઓકટોમ્બર | ૧૫૫ | ૧૩૧ | ૧૧ | ૩૬ | ૦૫ |
| નવેમ્બર | ૧૮૦ | ૧૨૧ | ૧૪ | ૪૯ | ૦૧ |
| ડિસેમ્બર | ૧૪૮ | ૧૧૯ | ૧૩ | ૩૩ | ૦૪ |
| જાન્યુઆરી | ૧૧૮ | ૬૮ | ૦૭ | ૨૯ | ૦૧ |
| ફેબ્રુઆરી | ૧૩૪ | ૧૧૫ | ૦૮ | ૪૨ | ૦૪ |
| માર્ચ | ૧૪૯ | ૧૨૭ | ૧૪ | ૨૮ | ૦૦ |
| કુલ | ૧૭૬૭ | ૧૩૨૭ | ૧૫૨ | ૫૧૯ | ૩૨ |

### ટેબલ નં : ૩ ડાયાબિટીક રેટીનોપથી સ્ક્રીનીગ રીપોર્ટ બેઝ હોસ્પીટલ વર્ષ ૨૦૧૭ –૧૮

| મહીનો | RBS | RBS પોઝીટીવ | રિફર | સારવાર આપેલ દર્દી |
|---|---|---|---|---|
| એપ્રિલ | ૭૩૪ | ૪૧ | ૧૬ | ૦૭ |
| મે | ૬૭૨ | ૪૫ | ૧૪ | ૦૪ |
| જૂન | ૭૧૨ | ૪૭ | ૧૪ | ૦૪ |
| જુલાઈ | ૧૩૨૧ | ૫૮ | ૧૭ | ૦૯ |
| ઓગષ્ટ | ૭૩૨ | ૬૧ | ૧૮ | ૦૦ |
| સપ્ટેમ્બર | ૯૫૬ | ૭૯ | ૨૦ | ૦૫ |
| ઓકટોમ્બર | ૭૦૬ | ૫૨ | ૧૨ | ૦૨ |
| નવેમ્બર | ૯૩૨ | ૭૦ | ૨૩ | ૨૦ |
| ડિસેમ્બર | ૯૫૭ | ૬૩ | ૨૭ | ૧૨ |
| જાન્યુઆરી | ૧૩૯૩ | ૯૩ | ૧૮ | ૦૯ |
| ફેબ્રુઆરી | ૧૦૯૯ | ૭૭ | ૩૫ | ૧૬ |
| માર્ચ | ૧૧૯૧ | ૮૦ | ૪૬ | ૧૪ |
| કુલ | ૧૧૪૦૫ | ૭૬૬ | ૨૬૦ | ૧૦૨ |

## ટેબલ નં. ૪ – સેટેલાઈટ સેન્ટર/વિઝન સેન્ટરની કામગીરીની માહિતી

| સેટેલાઈટ સેન્ટર | કુલ ઓપીડી | રીફ્રેક્શન | ઓપરેશનની સલાહ આપેલ દર્દી | તૈયાર ચશ્મા | ચશ્માના ઓર્ડર | દવાનુ વેચાણ | માંડવી રીફર કર્યા | ઓપરેશન |
|---|---|---|---|---|---|---|---|---|
| નેત્રંગ | ૭૯૭૯ | ૨૦૮૪ | ૩૧૩ | ૧૦૨૧ | ૬૨૯ | ૩૭૪૨ | – | ૪૬૭ |
| ઝંખવાવ | ૧૫૭૮ | ૬૮૨ | ૫૪ | ૧૧૨ | ૧૨૭ | ૨૭૨ | – | ૧૦ |
| વ્યારા | ૭૪૮૧ | ૧૬૯૧ | ૨૯૬ | ૨૦૯ | ૧૦૨૧ | ૨૬૮૧ | – | ૬૦૧ |
| ડેડીયાપાડા | ૧૯૯૧ | ૯૬૪ | ૯૧ | ૫૫૯ | ૨૧૧ | ૭૩૭ | – | ૭૫ |
| ઉમરપાડા | ૧૩૧૬ | ૮૩૩ | ૩૪ | ૩૫૮ | ૨૩૮ | ૬૨૫ | – | ૫૩ |
| સાગબારા | ૨૦૮૪ | ૧૦૨૩ | ૨૧૨ | ૨૭૪ | ૫૪૯ | ૪૬૧ | – | ૧૨૦ |
| ઉચ્છલ | ૮૩૨ | ૩૩૮ | ૧૮૬ | ૪૩ | ૩૯ | ૧૫૮ | – | ૭૩ |
| બારડોલી | ૧૫૨૫ | ૧૧૬૭ | ૧૭ | ૨૨૨ | ૧૮૦ | – | – | ૦૧ |

નોંધ : બારડોલી વિઝન સેન્ટર પર મુખ્યત્વે ચશ્માની તપાસ અને વેચાણની કામગીરી જ કરવામાં આવે છે.

## ટેબલ નં: ૫ : વર્ષ દરમિયાન લેબોરેટરી દ્વારા ઓ.ટી. 'કલ્ચર' અને અન્ય તપાસની માહીતી

| સ્થળ | વર્ષ દરમિયાન થયેલ 'કલ્ચર' ની આંકડાકીય વિગત | લેબોરેટરીમાં થયેલ તપાસની માહીતી | લેબોરેટરીમાં થયેલ તપાસની આંકડાકીય વિગત |
|---|---|---|---|
| માંડવી આંખની હોસ્પીટલનું ઓપરેશન થીયેટર | ૧૨ | હીમોગ્લોબીન | ૨૦૬ |
| નેત્રંગ સેટેલાઈટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | ૦૯ | ઈ.એસ.આર | ૬૦૦ |
| ઝંખવાવ સેટેલાઈટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | ૦૩ | સી.બી.સી | ૧૦૯૦ |
| એવાસ્ટીન ઈજેક્શન | ૪૯ | બીટી.એન સીટી | ૧૯૩ |
| બાયોલોજીકલ ઈન્ડીકેટર | ૧૨ | એમ.પી.(બ્લડ) | ૪૦ |
| આર.એલ.બોટલ | ૦૦ | વી.ડી.આર.એલ | ૪૪૬ |
| ઓટી સ્ક્રબ એરીયા (માંડવી) | ૦૫ | એમ.ટી | ૧૬૯ |
| ઓટી ઈન્સ્ટુમેન્ટ વોશીંગ એરીયા (માંડવી) | ૦૧ | આર એ ફેક્ટર | ૪૮ |
| ઓટી સ્ટાફ નેઈલ / નોઝલ સ્વોબ | ૦૨ | બ્લડ યુરીયા | ૪૨૫ |
| નેત્રંગ સ્ટાફ | ૦૧ | સીરમ કોલેસ્ટોલ | ૨૧ |
| ઝંખવાવ સ્ટાફ | ૦૦ | એચ.સી.વી | ૨૨૩ |
| કોન્ટાસોલ | ૦૦ | સીરમ ક્રીએટીનાઈન | ૪૨૯ |
| સ્ટોરેજ રેઈન વોટર ટેસ્ટીંગ | ૧૧ | યુરીન રૂટીન | ૩૦૮ |
| | | યુરીન સુગર | ૪૫૭૪ |
| | | એચ.આઈ.વી | ૬૫૮ |
| | | એચ.બી.એસ.જી | ૬૦૦ |
| | | એસબીએવનસી | ૧૯૫ |
| | | કલ્ચર | ૧૨૧ |

### કેસ સ્ટડી

નાસીક ,મહારાષ્ટ્રના નાનકડા ગામ બાકણપાડાના ખેત મજૂરી કરી જીવતા કાલુભાઈ મોરે ત્રીસ વર્ષની યુવાન ઉંમરે અંધાપો ભોગવતા હતા. તેમની ડાબી આંખમાં દસ વર્ષ પહેલાં કચરૂ પડયુ હતું અને ધીમે ધીમે દેખાતું બંધ થઈ ગયુ હતું. જમણી આંખમાં દેખાતું હતું પરંતુ પાંચેક વર્ષ પહેલા જમણી આંખમાં પણ જીવડું પડતાં આંખ બંધ થઈ ગઈ હતી. પરંતુ કશી ખબર ન હોવાથી અંધત્વ વેઠી રહયા હતા. થોડા વખત અગાઉ નાસીકથી નજીકની હોસ્પિટલમાં બતાવવા ગયા,ત્યાંથી તેમને માંડવીની આંખની હોસ્પિટલમાં બતાવવાનું સૂચન થયું તેથી તેઓ માંડવી બતાવવા આવ્યા.

કાલુભાઈને ડોકટરે તપાસ કરીને જણાવ્યું, કે તેમની બંને કીકી ખરાબ છે તેથી કીકી બદલવાનું ઓપરેશન કરાવવાથી તેમને દેખાતું થઈ જશે. સદ્નસીબે સારી કીકી દાનમાં મળી હતી તે દિવસે પાંચ ઓપરેશનો કીકી બદલવાના થયા અને કાલુભાઈનો પણ તેમાં વારો આવી ગયો.બીજે દિવસે ડ્રેસીગ કરીને જોતા જ કાલુભાઈ હરખથી નાચી ઉઠયા પાંચ – પાંચ વર્ષ અંધાપો વેઠયા પછી તેઓ ફરી દેખતા થયા હતા

કાલુભાઈના પત્ની પણ ખૂબ જ ખુશ છે. કારણકે કાલુભાઈના અંધાપાને કારણે તેમણે પતિ–નાના બે બાળકો અને મજૂરી કરી કમાણી કરવાની, ઘર સંભાળવાની એમ અનેક વિધ જવાબદારી નિભાવવી પડતી હતી. હવે કાલુભાઈ પણ મજૂરી કરશે અને બાળકોની સંભાળ રાખવામાં પણ મદદ કરશે. તેમનું જીવન ખુશહાલ બની જશે.

## ટેબલ નં. ૬ – સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| સ્પેશ્યાલીટી | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
| પડદાની તપાસ | ૬૪૭૭ | ૮૩૪૪ | ૮૭૧૫ | ૧૫૧૦ | ૨૦૨૨ | ૧૮૧૦ |
| ઝામરની તપાસ | ૨૪૭૦ | ૪૩૧૭ | ૨૯૪૫ | ૭૪ | ૧૪૯ | ૧૨૮ |
| કીકીના રોગોની તપાસ | ૨૯૧૧ | ૪૦૧૮ | ૪૫૨૧ | ૧૧૭ | ૧૫૮ | ૨૨૦ |
| આંખની પ્લાસ્ટીક સર્જરી | ૨૩૧ | ૨૩૨ | ૬૮૨ | ૨૪૪ | ૨૯૦ | ૨૪૫ |
| બાળકોની આંખ તપાસ | ૫૩૬૯ | ૬૫૭૦ | ૭૧૨૫ | ૨૨૭ | ૧૮૭ | ૨૧૭ |
| ન્યુરો ઓપ્થેલ્મોલોજી | ૧૨૨ | ૧૧૩ | ૨૧૪ | ૦ | ૦ | ૦ |
| લો વિઝન | ૪૮ | ૪૫ | ૧૫ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧૭૬૨૮ | ૨૩૬૩૯ | ૨૪૨૧૭ | ૨૧૭૨ | ૨૮૦૬ | ૨૬૨૦ |







## ટેબલ નં. ૭ – કેમ્પ સ્પેશ્યાલીટી રીફર એનાલીસીસ

| મહીનો | કુલ કેમ્પ | કુલ ઓપીડી | કુલ સ્પેશ્યાલીટી રીફર | કુલ રીફર દર્દી આવ્યા | અન્ય ઓપરેશન |
|---|---|---|---|---|---|
| એપ્રિલ | ૨૯ | ૩૩૮૩ | ૧૯૭ | ૯૦ | ૨૪ |
| મે | ૩૧ | ૨૩૯૩ | ૧૫૨ | ૬૫ | ૨૬ |
| જૂન | ૨૮ | ૨૧૭૮ | ૧૨૫ | ૬૮ | ૨૫ |
| જુલાઈ | ૨૯ | ૨૭૫૬ | ૧૫૧ | ૫૯ | ૨૬ |
| ઓગષ્ટ | ૩૦ | ૩૭૨૧ | ૧૯૨ | ૯૩ | ૩૪ |
| સપ્ટેમ્બર | ૨૯ | ૪૨૫૨ | ૨૩૧ | ૧૨૭ | ૪૬ |
| ઓક્ટોમ્બર | ૨૫ | ૨૭૧૩ | ૧૩૧ | ૭૧ | ૨૯ |
| નવેમ્બર | ૩૦ | ૩૨૭૪ | ૧૭૯ | ૮૮ | ૩૪ |
| ડિસેમ્બર | ૩૦ | ૩૪૪૭ | ૧૯૧ | ૮૦ | ૩૪ |
| જાન્યુઆરી | ૩૯ | ૭૮૫૦ | ૩૦૮ | ૧૧૨ | ૫૧ |
| ફેબ્રુઆરી | ૩૭ | ૫૮૩૮ | ૨૪૬ | ૯૮ | ૩૦ |
| માર્ચ | ૩૨ | ૪૯૩૦ | ૨૩૪ | ૧૧૨ | ૫૨ |
| કુલ | ૩૬૯ | ૪૬૭૩૫ | ૨૩૩૭ | ૧૦૬૩ | ૪૧૧ |

## ટેબલ નં:– ૮ ભૌગોલિક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી

| રાજ્ય/જીલ્લો | નવા | | જુના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૦૧૬/૧૭ | ૨૦૧૭/૧૮ | ૨૦૧૬/૧૭ | ૨૦૧૭/૧૮ | ૨૦૧૬/૧૭ | ૨૦૧૭/૧૮ | ૨૦૧૬/૧૭ | ૨૦૧૭/૧૮ |
| સુરત | ૩૩૯૬૮ | ૩૭૧૩૬ | ૧૩૬૯૨ | ૧૩૮૦૦ | ૪૭૬૬૦ | ૫૦૯૩૬ | ૪૫૯૩ | ૪૧૮૭ |
| તાપી | ૧૭૩૬૦ | ૨૦૨૦૭ | ૫૧૨૩ | ૪૭૧૮ | ૨૨૪૮૩ | ૨૪૯૨૫ | ૨૭૮૯ | ૨૧૯૩ |
| ભરૂચ | ૧૭૨૮ | ૨૬૯૭ | ૧૪૧૭ | ૧૬૧૨ | ૩૧૪૫ | ૪૩૦૯ | ૩૯૯ | ૫૪૫ |
| નર્મદા | ૪૪૧ | ૭૭૧૧ | ૩૩૭ | ૧૨૧૧ | ૭૭૮ | ૮૯૨૨ | ૧૨૫ | ૧૦૨૩ |
| નવસારી | ૬૩૨૩ | ૧૮૨૬ | ૧૩૭૮ | ૩૪૦ | ૭૭૦૧ | ૨૧૬૬ | ૧૦૭૧ | ૧૪૬ |
| વલસાડ | ૧૬૭ | ૧૦૬ | ૧૫૯ | ૧૪૯ | ૩૨૬ | ૨૫૫ | ૭૨ | ૫૫ |
| અન્ય | ૭૧૪ | ૧૦૮૬ | ૧૧૮ | ૧૫૪ | ૮૩૨ | ૧૨૪૦ | ૮૦ | ૧૩૨ |
| અન્ય રાજ્યના | ૧૪ | ૦૧ | ૧૪ | ૦૧ | ૨૮ | ૦૨ | ૩૧ | ૦૬ |
| મહારાષ્ટ્ર નંદુરબાર | ૪૧૪૩ | ૪૪૩૧ | ૯૯૯ | ૯૦૫ | ૫૧૪૨ | ૫૩૨૬ | ૭૮૧ | ૮૭૦ |
| અન્ય તાલુકાઓ | ૭૬ | ૧૯ | ૭૫ | ૩૬ | ૧૪૭ | ૫૫ | ૩૭ | ૧૯ |
| કુલ | ૬૪૯૩૪ | ૭૫૨૨૦ | ૨૨૨૨૪ | ૨૨૯૨૬ | ૮૮૨૪૨ | ૯૮૧૪૬ | ૯૯૭૮ | ૯૧૭૬ |
| નેત્રંગ | ૪૯૧૭ | ૬૧૩૩ | ૧૭૧૨ | ૧૮૦૬ | ૬૬૨૯ | ૭૯૩૯ | ૪૨૩ | ૪૬૭ |
| ઝંખવાવ | ૧૪૦૮ | ૧૨૨૩ | ૬૮૭ | ૩૫૫ | ૨૦૯૫ | ૧૫૭૮ | ૧૦૨ | ૧૦ |
| સાગબારા | ૧૦૦૭ | ૧૫૪૩ | ૪૨૩ | ૫૪૧ | ૧૪૩૦ | ૨૦૮૪ | ૪૩ | ૧૨૦ |
| ડેડીયાપાડા | ૧૩૦૩ | ૧૩૦૭ | ૩૪૮ | ૬૮૪ | ૧૬૫૧ | ૧૯૯૧ | ૪૧ | ૭૫ |
| બારડોલી | – | ૧૪૭૯ | – | ૪૬ | – | ૧૫૨૫ | – | ૦૧ |
| ઉચ્છલ | – | ૬૩૫ | – | ૧૯૭ | – | ૮૩૨ | – | ૭૩ |
| વ્યારા | ૧૯૪૩ | ૫૩૮૭ | ૪૯૪ | ૨૦૮૪ | ૨૪૩૭ | ૭૪૮૧ | ૮૫ | ૬૦૧ |
| ઉમરપાડા | ૧૦૩૧ | ૧૧૦૫ | ૩૭૯ | ૨૧૧ | ૧૪૧૦ | ૧૩૧૬ | ૨૬ | ૫૩ |
| કુલ | ૭૬૫૪૩ | ૯૪૦૩૨ | ૨૬૨૬૭ | ૨૮૮૫૦ | ૧૦૩૮૯૪ | ૧૨૨૮૮૨ | ૧૦૬૯૮ | ૧૦૫૭૬ |

## ટેબલ નં. – ૯ ઓપરેશન કામગીરી

| સર્જરીનું નામ | સ્થિતિપાત્ર દર્દીઓ | | અંશતઃમાફી | | સંપૂર્ણ માફી | | કુલ ઓપરેશન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૬–૨૦૧૭ | ૨૦૧૭–૨૦૧૮ | ૨૦૧૬–૨૦૧૭ | ૨૦૧૭–૨૦૧૮ | ૨૦૧૬–૨૦૧૭ | ૨૦૧૭–૨૦૧૮ | ૨૦૧૬–૨૦૧૭ | ૨૦૧૭–૨૦૧૮ |
| મોતિયો ફેકો વડે નેત્રમણિ સહિત | ૫૧૦ | ૩૫૪ | ૦૬ | ૧૧ | ૧૩૯૫ | ૧૨૧૧ | ૧૯૧૧ | ૧૫૭૬ |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણિ સાથે | ૨૫૨ | ૨૪૩ | ૨૯૯ | ૨૬૮ | ૪૬૪૨ | ૪૭૫૩ | ૫૧૯૩ | ૫૨૬૪ |
| સાદો મોતિયો – નેત્રમણિ વિના | ૦૪ | ૦૩ | ૦૬ | ૦૫ | ૪૩ | ૩૬ | ૪૩ | ૪૪ |
| મોતિયો–ઝામર–નેત્રમણિ | ૧૯ | ૧૫ | ૦૨ | ૦૦ | ૮૪ | ૭૦ | ૧૦૫ | ૮૫ |
| મોતિયો–વેલ–નેત્રમણિ | ૧૫ | ૧૦ | ૦૭ | ૦૪ | ૨૦૧ | ૨૪૯ | ૨૨૩ | ૨૬૩ |
| ઝામરનું ઓપરેશન | ૨૦ | ૧૭ | ૦૨ | ૦૩ | ૨૧ | ૧૯ | ૪૩ | ૩૯ |
| કીકી બદલવાનું ઓપરેશન | ૩૪ | ૩૧ | ૦૮ | ૧૨ | ૯૭ | ૧૪૭ | ૧૩૯ | ૧૯૦ |
| એવાસ્ટીન ઈંજેકશન | ૨૮૭ | ૩૨૪ | ૨૬ | ૩૬ | ૧૧૪ | ૧૪૭ | ૪૨૭ | ૫૦૭ |
| વેલ | ૧૧૨ | ૮૪ | ૦૮ | ૦૬ | ૩૦૪ | ૪૬૦ | ૪૨૪ | ૫૫૦ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૦૯ | ૦૮ | ૧૧ | ૦૯ | ૨૮ | ૧૮ | ૪૮ | ૩૫ |
| વિટ્રેકટોમી | ૫૯ | ૪૦ | ૫૦ | ૪૯ | ૨૪૧ | ૨૦૮ | ૩૫૦ | ૨૯૭ |
| નાસુરનું ઓપરેશન | ૩૭ | ૨૬ | ૦૨ | ૦૭ | ૧૨૦ | ૯૩ | ૧૫૯ | ૧૨૬ |
| રેટીનલ ડીટેચમેન્ટ + વિટ્રેકટોમી | ૧૧ | ૦૩ | ૦૫ | ૧૮ | ૨૮ | ૩૫ | ૪૪ | ૫૬ |
| મોતિયો–વિટ્રેકટોમી–નેત્રમણી | ૦૮ | ૧૧ | ૧૮ | ૧૯ | ૨૧૩ | ૨૦૭ | ૨૩૯ | ૨૩૭ |
| પડદાની અન્ય સારવાર | ૧૪ | ૦૮ | ૦૪ | ૦૫ | ૩૮ | ૬૪ | ૫૬ | ૭૭ |
| ઢળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૪૪ | ૩૮ | ૦૭ | ૧૮ | ૫૮ | ૬૨ | ૧૦૯ | ૧૧૮ |
| ત્રાંસી આંખ | ૧૬ | ૦૬ | ૦૪ | ૦૨ | ૧૬ | ૦૮ | ૩૬ | ૧૬ |
| અન્ય ઓપરેશન | ૪૩ | ૪૫ | ૨૬ | ૩૬ | ૧૬૭ | ૨૬૬ | ૨૩૬ | ૩૪૭ |
| ચેલેઝીયોન (આંજણી) | ૪૪ | ૭૮ | ૦૧ | ૦૩ | ૧૫ | ૦૯ | ૬૦ | ૯૦ |
| આંખમાંથી કચરૂ કાઢવાની પ્રક્રિયા | ૫૬૧ | ૫૬૨ | ૦૮ | ૦૨ | ૦૬ | ૨૫ | ૫૭૫ | ૫૮૯ |
| મોતિયા પછી થતી છારી કાઢવાનું લેસર | ૫૦૫ | ૪૭૯ | ૩૩ | ૩૭ | ૫૫૯ | ૫૧૯ | ૧૦૯૭ | ૧૦૩૫ |
| લેસર વડે પડદાની સારવાર | ૭૭૮ | ૬૦૨ | ૩૬ | ૩૩ | ૨૮૩ | ૨૯૧ | ૧૦૯૭ | ૯૨૬ |
| કુલ | ૩૩૮૨ | ૨૯૮૭ | ૫૬૯ | ૫૮૩ | ૮૬૬૩ | ૮૮૯૭ | ૧૨૬૧૪ | ૧૨૪૬૭ |

## તાલીમ પ્રવૃતિ

સામાન્ય રીતે આપણે જયારે શહેરના વિસ્તારથી દૂર –ગ્રામ્ય કે નાના નગર જેવા વિસ્તારમાં કામગીરી કરવી હોય,તો કુશળ કાર્યકરોની ભારે તંગી વર્તાય છે.એક બાજુ બેરોજગારીની સમસ્યા, શિક્ષણ ની સમસ્યા છે તો બીજી બાજુ યોગ્ય તાલીમ પામેલા કાર્યકરોની અછત એ બીજી સમસ્યા છે.

ઉચ્ચશિક્ષણ મેળવેલા મોટાભાગના યુવાનોને શહેરમાં વસવાટ કરવો હોય છે. તેથી તેઓ એક વાર ગામડા કે નગરમાં કામ કરવા જોડાય તો ખરા પણ તેમની એક નજર શહેર તરફ હોય, તેથી આવા કાર્યકરોને ટકાવવા એ એક પડકાર છે.

આવા સંજોગોમાં ગામમાં જ રહેવાના હોય, શિક્ષણની તકથી વંચિત હોય અથવા આપણા શિક્ષણ માળખામાં સફળ ન થયા હોય છતાં મહેનત કરવા તૈયાર હોય, ઉત્સાહી હોય અને દર્દીઓ પ્રત્યે હમદર્દીની લાગણી ધરાવતા હોય તેવા યુવક–યુવતીને પસંદ કરી તેમને તાલીમ આપવાનું શરૂ કર્યુ અને છેલ્લા સાત વર્ષના રેકોર્ડ જોતા એમ જણાય છે કે આ ઉમેદવારો પણ તાલીમ મેળવ્યા બાદ સારી કામગીરી કરી શકે છે.

ટ્રસ્ટ દ્વારા ૧ વર્ષના વીઝન ટેકનીશ્યન; ૧ વર્ષ ઓપ્થેલ્મીક નર્સ; ૨ માસનો ચશ્મા ફીટીગ; ૩ માસ ઓટી બોય અને ૨ માસના કાઉન્સેલર, ૧ વર્ષ લેબ ટેકનીશ્યનના કોર્ષ ચલાવવામાં આવે છે.

આ તાલીમ પામેલ યુવક–યુવતીઓ પૈકી કેટલાક જરૂર પ્રમાણે હોસ્પિટલમાં જ જોડાયા છે અને નર્સીંગ આસીસ્ટન્ટ,ઓપ્થેલ્મીક આસીસ્ટન્ટ,લેબ આસીસ્ટન્ટ, ઓટી બોય કે ચશ્માની દુકાનમાં કાર્યકર તરીકે સરસ રીતે ફરજ બજાવી રહયા છે. બાકીના સ્ટુડન્ટસ પૈકી ૧ વિદ્યાર્થી અગાસી માતા ચેરીટેબલ ટ્રસ્ટ,બારડોલી; ૧ જીવન જ્યોત ટ્રસ્ટ,અમરોલી, સુરત, ૨ વિદ્યાર્થી સુરતના ઓપ્થેલ્મોલોજીસ્ટને ત્યાં સફળતાપુર્વક કામગીરી કરી રહયા છે. એટલું જ નહી પણ તેમના સહકાર્યકરો, કે જેઓ કવોલીફાઈડ ઓપ્ટોમેટ્રીસ્ટ છે તેમની સાથે હરીફાઈમાં ઉભા રહેવા સક્ષમ છે.

સામાન્ય રીતે નવા બેચની શરૂઆત જૂલાઈ થી થાય છે અને બીજા વર્ષે જૂનના અંતે તાલીમ પુરી થાય છે. તાલીમ પુરી થયા બાદ આ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવા માટે માંડવી નગરપાલિકાના પ્રમુખ ડો. આશિષભાઈ ઉપાધ્યાયની હાજરીમાં આ કાર્યક્રમનું આયોજન ૧૦/૦૭ના રોજ કરવામાં આવ્યું.

આ તાલીમ ઉપરાંત ઓપ્ટોમેટ્રી કોર્ષનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવા ઘનિષ્ઠ પ્રયત્નો કર્યા. ગત વર્ષ દરમિયાન દ.ગુ.યુનિવર્સિટી સંલગ્ન કોર્ષ શરૂ કરવા અરજી કરી હતી. તે નામંજૂર થતા ઉકા તરસાડીયામાં પ્રપોઝલ મોકલી હતી, જેનું લોકલ ઈન્કવાયરી કમિટી દ્વારા ઈન્સ્પેકશન ૧૧/૦૭ કર્યા બાદ મંજૂરી મળી અને નવેમ્બરથી પ્રથમ બેચની શરૂઆત કરી. હાલ ૬ સ્ટુડન્ટસ આ અભ્યાસક્રમમાં અભ્યાસ કરી રહયા છે.

કોલેજ શરૂ કરી હોવાથી કોલેજના વિદ્યાર્થીઓના સ્વાગત માટે "ફ્રેશર્સ પાર્ટી"નું આયોજન કર્યુ. આ પાર્ટીમાં સ્ટાફના સભ્યો પણ જોડાયા. ઓપ્ટ્રોમેટ્રી કોલેજ તેમજ વિઝન ટેકનીશ્યન તથા નર્સીંગના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. રમતો રમ્યા અને સમૂહ ભોજન લઈ છૂટા પડયા. ઓપ્ટ્રોમેટ્રી કોલેજના વિદ્યાર્થીઓની પહેલા સેમેસ્ટરની ફાઈનલ પરીક્ષા ફેબ્રુઆરી ૧૮માં લીધી. બધા વિદ્યાર્થીઓ પાસ થઈ ગયા અને ૧૯મી ફેબ્રુઆરીથી બીજું સેમેસ્ટર શરૂ થયું.

ઓપ્ટોમેટ્રી કોલેજ માટે ૧ વર્ષની મંજૂરી મળી હતી. બીજા ત્રણ વર્ષની મંજુરી માટે ફરીથી ૨૬ માર્ચના રોજ ગુજરાત સરકાર તરફથી ઈન્સ્પેકશન કમિટીએ મુલાકાત લીધી અને ઈન્સ્પેકશન કર્યુ. તેમને બધું નિયમાનુસાર જણાતા બીજા ત્રણ વર્ષની મંજૂરી પણ મળી જશે.

ડીએનબીની મંજૂરી મેળવવા માટે અરજી કર્યા બાદ તેના ઈન્સ્પેકશન માટે બેંગ્લોરથી ડો. મંજુ રેડ્ડી તા. ૧૩મી ડીસેમ્બરે માંડવી આવ્યા હતા તેમણે પણ લાઈબ્રેરી, હોસ્પિટલમાં ઉપલબ્ધ સાધનો, દર્દીઓની સંખ્યા, ઓપરેશન થીયેટર વિગેરે જોઈ સંતોષ વ્યકત કર્યો હતો અને પોતાનો રીપોર્ટ સબમીટ કર્યો છે.

તાલીમ માટે જોડાયેલા વિદ્યાર્થીઓ ઉપરાંત હોસ્પિટલમાં કાર્યરત સ્ટાફના કૌશલ્ય સંવર્ધનના સતત પ્રયત્નો કરવામાં આવે છે. સ્ટાફની તાલીમ માટે 'અમેરીકાની સેવા' સંસ્થા દ્વારા પૂનાની એચ.વી. દેસાઈ આઈ હોસ્પિટલને "મેન્ટર" તરીકેની જવાબદારી સોંપી છે.આ હોસ્પિટલ દ્વારા જુદી જુદી તાલીમ આપવામાં આવે છે. તેમાં નીચે મુજબના સ્ટાફને તાલીમ આપવામાં આવી.

| નામ | સમય | ટ્રેનીગ નામ |
|---|---|---|
| જય હજારીવાળા | ૨ અઠવાડીયા (૧૧ થી ૨૩ સપ્ટેમ્બર) | એન્જીયોગ્રાફી |
| વિશાલ શાહ | ૧ અઠવાડીયું (૧૧ થી ૧૭ સપ્ટેમ્બર) | પેરીમેટ્રી |
| વિરલ ટેલર | ૧૫ દિવસ (૧૫ થી ૨૧ ડીસેમ્બર) | કેમ્પ ઓર્ગેનાઈઝર |
| પ્રદિપ પટેલ | ૭ દિવસ | કેમ્પ ઓર્ગેનાઈઝર |
| ચિરાગ ટેલર | ૧ મહિનો | આઈ બેંક ટેકનીશ્યન |

આ ઉપરાંત વિશાલ શાહને ઓકયુલર પ્રોસ્થેસીસની તાલીમ માટે ૩ અઠવાડીયા અરવિંદ આઈ હોસ્પિટલ મદુરાઈ મોકલ્યા તેમજ મિલન પટેલને પણ મદુરાઈ ૧ મહિનો ઈકવીપમેન્ટ મેઈન્ટેનન્સની તાલીમ માટે મોકલ્યા.

નર્સ બહેનો દિપીકા વસાવા (વોર્ડ ઈન્ચાર્જ) તથા ઓટી ઈન્ચાર્જ સુનીતા વસાવા તેમજ લેબોરેટરી ઈન્ચાર્જ કામિની મહેતાને એઈમ્સ, દિલ્હી ખાતે ૧ અઠવાડિયું ઓબ્ઝરવરશીપ માટે મોકલ્યા.

દિપીકા અને સુનીતાને સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ, સુરત ખાતે BLSની તાલીમ માટે અને ડો.દેવાંશી વસાવાને ACLS તાલીમ માટે મોકલ્યા, તેમજ દિપીકા, જયશ્રી અને સુનીતાને ઈન્ડિયન હોસ્પિટલ એસોસીયેશન, વડોદરા ખાતે મેનેજમેન્ટ સ્કીલ ડેવલપમેન્ટના ૧ દિવસીય વર્કશોપમાં મોકલ્યા.

હોસ્પિટલના બધા સ્ટાફ માટે ગત વર્ષે ડો.નીલેશ ઠાકોર દ્વારા સોફટ સ્કીલ ડેવલપમેન્ટ માટે એક વર્કશોપ લેવાયો હતો. આ વર્ષે આજ વિષય પર વર્કશોપનું આયોજન નવા જોડાયેલા સ્ટાફ તેમજ આ વર્ષે અભ્યાસ માટે જોડાયેલા સ્ટુડન્ટ માટે કર્યુ.

ડોકટર માટે ડીફીકલ્ટ કેટરેકટ સર્જરીનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન મુંબઈ વિઝન ફાઉન્ડેશનથી આવેલા ડો.સૌમીલ કોઠારીએ કર્યુ.

"વિટામીન એંજલ્સ" સંસ્થા થી આવેલા ડો.શિલ્પા ભટ્ટે સીનીયર સ્ટાફ મેમ્બર્સને વિટામીન "એ" નું મહત્વ દર્શાવતું વિડીયો પ્રેઝન્ટેશન કર્યુ અને CBR વર્કર દ્વારા શેરડી કાપતા મજૂરોના બાળકો માટે વિટામીન "એ" તથા સુખડીનું વિતરણ કર્યુ.

## બહારના સ્ટાફ/ડોકટર્સની તાલીમ

| ક્રમ | ફેકો તાલીમ | | SICS તાલીમ | |
|---|---|---|---|---|
| | મહિનો | ડોકટરનું નામ | મહિનો | ડોકટરનું નામ |
| ૧ | એપ્રિલ.૧૭ | ડો.શુભાંગી | એપ્રિલ.૧૭ | ડો.શુભાંગી |
| ૨ | મે.૧૭ | ડો.ભૌમિક રાવલ | મે.૧૭ | ડો.શ્રેય રાયજીવાલા |
| | | | જૂન.૧૭ | |
| ૩ | જૂન.૧૭ | ડો.શ્રેય રાયજીવાલા | જુલાઈ.૧૭ | ડો. રીચા નાયક |
| | | | ઓગષ્ટ.૧૭ | |
| ૪ | જૂલાઈ.૧૭ | ડો.કેશા પટેલ | સપ્ટેમ્બર.૧૭ | ડો.અભય જાદવ |
| ૫ | ઓગષ્ટ.૧૭ | ડો.સોનાલી છેડા | નવેમ્બર.૧૭ | ડો.સોનાલી ભોસલે |
| | | | ડીસેમ્બર.૧૭ | |
| ૬ | સપ્ટેમ્બર.૧૭ | ડો. રીચા નાયક | જાન્યુઆરી.૧૮ | ડો.ખુશ્બુ ડીંગા |
| | | | ફેબ્રુઆરી.૧૮ | |
| ૭ | ઓકટોબર.૧૭ | ડો.આરતી દવે | માર્ચ.૧૮ | ડો.અંજલ શાહ |
| ૮ | નવેમ્બર.૧૭ | ડો.ભુમિકા સવાણી | | |
| ૯ | ડીસેમ્બર.૧૭ | ડો.કિશન પ્રજાપતિ | | |
| ૧૦ | જાન્યુઆરી.૧૮ | ડો.સારીકા શેઠીયા | | |
| ૧૧ | જાન્યુઆરી.૧૮ | ડો.તેજલ પાનેરીયા | | |
| ૧૨ | ફેબ્રુઆરી.૧૮ | ડો.સોહમ દવે | | |
| ૧૩ | ફેબ્રુઆરી.૧૮ | ડો.ખૂશબુ ડીગા | | |
| ૧૪ | માર્ચ.૧૮ | ડો.ધવલ શાહ | | |

- ૧ વર્ષની કોર્નીયા ફેલોશીપ (એપ્રિલ.૧૭ થી માર્ચ.૧૮) ડો.આતીયા પઠાણ
- ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેક્ટ અંતર્ગત જુદી જુદી કેટેગરીના સ્ટાફની તાલીમ :
  - ડોકટર્સ : ૧) ડો.શીવાની જરીવાલા નવી સીવીલ હોસ્પિટલ (મેડીકલ રેટીના)
    ૨) ડો.ઈશા પટેલ નવી સીવીલ હોસ્પિટલ (મેડીકલ રેટીના)
  - ઓપ્ટોમેટ્રીસ્ટ :૧) ભાવિનીબહેન શાહ – ફંડસ ફોટોગ્રાફી
    ૨) કનુભાઈ ગજ્જર – ફંડસ ફોટોગ્રાફી
    ૩) ગિરીશભાઈ મકવાણા – ફંડસ ફોટોગ્રાફી
  - ડાયાબિટીક રેટીનોપથી ઓરીયેન્ટેશન : શરદ મારૂ, રીકલ સાવલીયા, પૂજા માંડવીયા (સુરત સીવીલ હોસ્પિટલ)
- માંગરોલ, ઝંખવાવ, ઉમરપાડા અને અરેઠ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના લેબ ટેકનીશ્યન અને ફાર્માસીસ્ટ ૧ અઠવાડીયાની ડાયાબિટીક રેટીનોપથી અવેરનેસ ની તાલીમ.
- ૧ દિવસીય તાલીમ કુલ ૧૧૮ આશાવર્કર બહેનો (ઉમરપાડા, માંગરોલ, અરેઠ, ઝંખવાવ વિસ્તારના)
- પ્રોજેકટ વિસ્તારના આરોગ્ય કેન્દ્રના નર્સ સ્ટાફની ૧ દિવસીય તાલીમ.

## અન્ય સ્ટાફની તાલીમ :

| | | |
|---|---|---|
| સેવા રૂરલના ઓટી સ્ટાફ | ૧ અઠવાડીયું | ઓટી ટ્રેનીગ |
| સેવા રૂરલના કાઉન્સેલર | ૨ અઠવાડીયું | કાઉન્સેલીગ |
| વિશાલ માંગુકીયા (સુરત) | ૨ મહિના | ચશ્મા ફિટીગ |
| સ્વાતીબહેન પટેલ (બારડોલી) | ૧ મહિનો | કલ્ચર અને પ્લેટીગ ટેકનીક |
| ઈશ્વરભાઈ વણકર (અંજલી, રણાસણ) | ૬ મહિના | ઓપ્થેલ્મીક આસીસ્ટંન્ટ |
| ઈશ્વરભાઈ વણકર (અંજલી, રણાસણ) | ૨ મહિના | ચશ્મા ફિટીગ |
| રાજા અને નિરંજન (રામકૃષ્ણ મીશન, વારાણસી) | ૪ મહિના | ઓપ્થેલ્મીક આસીસ્ટંન્ટ |

- વિઝન ટેકનીશ્યન – ૯ વિદ્યાર્થી – જુલાઈ.૧૭ થી જૂન.૧૮
- ઓપ્થેલ્મીક નર્સ – ૫ વિદ્યાર્થી – જુલાઈ.૧૭ થી જૂન.૧૮

### કેસ સ્ટડી

ખાંભલા ગામના (તા.સોનગઢ જી. તાપી) વતની ૪૫ વર્ષના વાંસતીબહેન આંખની તકલીફ માટે વ્યારા વીઝન સેન્ટર પર બતાવવા ગયા.ત્યાં તપાસ કરતા જણાયું કે વાસંતીબેનના આંખના પડદાની ઘનિષ્ઠ તપાસ થવી જરૂરી છે. તેથી તેમને માંડવી તેજસ આંખની હોસ્પિટલમાં રીફર કર્યા.

માંડવી બતાવ્યું તો જણાવ્યું કે વાસંતીબેનની ડાબી આંખમાં ૧/૬૦ જેટલું જ વીઝન હતું. પડદાના ડોકટરે તપાસ કરતા નિદાન કર્યુ કે તેમની ડાબી આંખની નસ પર સોજો છે. એટલે તેમને MRI કરાવવા સુરત મોકલ્યા તેમજ લોહીની તપાસ પણ કરાવી.

રીપોર્ટ આવ્યા બાદ વાસંતીબેનને ન્યુરો ઓપ્થેલ્મોલોજીસ્ટ ડો. તનુજાબેનને રીફર કર્યા અને તેમની સારવાર લીધી અને ફરીવાર માંડવી બતાવવા આવ્યા ત્યારે ડાબી આંખમાં ફરીથી દેખાતુ થઈ ગયું હતું.

વાસંતીબેન જણાવે છે કે આ હોસ્પીટલમાં ન્યુરો ઓપ્થેલ્મોલોજીસ્ટની સુવિધા પણ હોવાથી તેમની સારવાર થઈ શકી. જો તેમ ન થાત તો મોટા શહેરોમાં કયા ડોકટર કયાં મળે તેની માહિતી પણ ન હોવાથી કઈ રીતે સારવાર થાત? વળી ખર્ચ પણ ઘણો કરવો પડતે. પણ અહી બધી સગવડ હોવાથી સરળતાથી આંખની દ્રષ્ટિ પાછી મેળવી શકાઈ. તેઓ તેજસ આંખની હોસ્પીટલનો ખૂબ જ આભાર માને છે.

## કન્સલ્ટન્સી – નેટવર્કીંગ – ઈવેલ્યુએશન

વર્ષ દરમિયાન ડો.ઉદયભાઈએ જુદી જુદી હોસ્પિટલ –સંસ્થાની મુલાકાત લઈ તેના ઓપરેશન થીયેટર– કેમ્પ તથા– હોસ્પિટલની વિવિધ કામગીરીનું મૂલ્યાંકન કર્યું અને જરૂરી જણાય ત્યાં સૂચનો કર્યા.

| ક્રમ | તારીખ | હોસ્પિટલ અને સંસ્થાનું નામ | સ્પોન્સર |
|---|---|---|---|
| ૧ | ૨૩ થી ૨૪ મે.૧૭ | કલીંગા આઈ હોસ્પિટલ, પટણા–બિહાર | વન્ડરવર્કસ |
| ૨ | ૧૯ થી ૨૦ જૂન.૧૭ | સદ્ગુરુ નેત્ર ચિકીત્સાલય, ચિત્રકુટ | વન્ડરવર્કસ |
| ૩ | ૨૪ જૂલાઈ ૧૭ | કોલકાતા વિઝન સેન્ટર | મીશન ફોર વીઝન |
| ૪ | ૨૫ થી ૨૬ જૂલાઈ.૧૭ | નવભારત જાગૃતિ કેન્દ્ર ચોપારણ બિહાર | મીશન ફોર વીઝન |
| ૫ | ૨૩ થી ૨૪ ઓગષ્ટ.૧૭ | શ્રી સાંઈ લાયન્સ આઈ હોસ્પિટલ, પટણા | વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા |
| ૬ | ૧૮ થી ૨૩ માર્ચ | સીનોડ હોસ્પિટલ, એઝવાલ –મીઝોરમ | મીશન ફોર વીઝન |

આંખની સારવારના ક્ષેત્રે કાર્યરત લોકોને મદદરૂપ થાય તે માટે ઓલ ગુજરાત ઓપ્થેલ્મોલોજીસ્ટ કોન્ફરન્સ, રાજકોટ ખાતે લાઈવ વાયર મેન્યુઅલ, ઓપરેશન થીયેટર પ્રોટોકોલ, વિડીયો ડીવીડી અને ઈન્ટ્રાવીટ્રીયલ ઈન્જેકશન ટેકનીક વિડીયો; ની સીડીનું વિતરણ કર્યું.

લાઈવ વાયર મેન્યુઅલની ૫૦૦ નકલોનું વિતરણ કર્યું. તે જ રીતે મહારાષ્ટ્ર ઓપ્થેલ્મોલોજીસ્ટ કોન્ફરન્સ, પુણે ખાતે ભાગ લેનાર દરેક ડેલીગેટ્સને લાઈવ વાયર મેન્યુઅલ, ઓપરેશન થીયેટર પ્રોટોકલ વિડીયોની સીડી અને ઈન્ટ્રાવિટ્રીયલ ટેકનીકની વિડીયો સીડીનું વિતરણ કર્યું.

### રીસર્ચ

સુરત જીલ્લાના માંગરોલ અને ઉમરપાડા તાલુકામાં શરૂ કરેલો અંધજનપુનર્વસન કાર્યક્રમ ડીસેમ્બર ૧૭ માં પુરો થયો. જેમાં અંધજન પુનર્વસન કાર્યકરો દ્વારા બન્ને તાલુકાના ૨૦૩ ગામોમાં ઘરે ઘરે ફરીને અંધત્વ ઉપરાંત ૪૦ વર્ષથી ઉપરની ઉમરના લોકોની ઝામર, ડાયાબિટીસ અને હાઈ બ્લડપ્રેશરની તપાસ કરી.જેના આધારે મળેલી આંકડાકીય માહિતી પરથી જુદી જુદી મીટીંગો અને વૈજ્ઞાનિક કોન્ફરન્સમાં પેપર્સ/પોસ્ટર્સ દ્વારા રજૂઆત કરી.

**પરિણામ:**

કુલ ૫૩ હજારથી વધુ લોકોની પ્રેશર, ઝામર, ડાયાબિટીસ અને અન્ય આંખની તકલીફ અંગે તપાસ થઈ. જેમાંથી ૩૯૭૪૯ લોકોનું પૃથકકરણ કરવામાં આવ્યું.તેમાં કુલ ૪૯૨૦ લોકોને ડાયાબિટીસ હોવાની પ્રથમવાર જાણ થઈ અને ૨૬૧૫ના યુરીન સુગર રીપોર્ટ પોઝીટીવ મળ્યા.

૨૪૦૬ લોકોને હાઈ બ્લડપ્રેશરની તકલીફ હોવાની તેમજ ૩૮૮ લોકોને ઝામરની તપાસ કરવાની જરૂર જણાઈ.કુલ ૩૮૯૧૨ આંખની તપાસ ફંડસ કેમેરા દ્વારા થઈ જેમાંથી ઝામરની શકયતા ૨૧૪૯ આંખ માટે જણાઈ અને ૧૨ આંખોમાં ડાયાબિટીક રેટીનોપથીનું નિદાન થયું.

ભારતના પશ્ચિમ વિસ્તારમાં આ પ્રકારનો સર્વે સર્વપ્રથમ વાર થયો. તેમજ ફંડસ ફોટોગ્રાફી પણ આટલા મોટા વિસ્તારમાં ભારતના બહુ ઓછા સ્થળે થઈ હશે.

જન સમૂહમાંથી નોંધપાત્ર સંખ્યામાં ડાયાબિટીસવાળા દર્દીઓ મળ્યા અને ઝામર તથા હાઈ બ્લડપ્રેશરની શકયતા ધરાવતા દર્દીઓને જુદા તારવી શકાયા.ડાયાબિટીક રેટીનોપથીની તપાસ માટે આપણે ફકત ડાયાબિટીસવાળા દર્દીઓ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીને માત્ર તેજ દર્દીની ફંડસ ફોટોગ્રાફી કરવી જોઈએ, કેમ કે ભારત જેવા સાધન સામગ્રીની અછત ધરાવતા દેશમાં બધા દર્દીની ફંડસ ફોટોગ્રાફી કરવી વ્યવહારૂ નથી.

અમે બેઝ હોસ્પિટલ, માંડવી ખાતે તપાસ માટે આવતા દર્દી અને તેમના સગાની ડાયાબિટીસની તપાસ કરવાનું શરૂ કર્યું.

**પરિણામ:**

ત્રણ વર્ષમાં કુલ ૪૯,૫૧૧ લોકોની રેન્ડમ સુગરની તપાસ કરી.તેમાંથી ૪૮૨ (લગભગ ૧%) લોકોને પ્રથમવાર પોતે ડાયાબિટીક હોવાની જાણ થઈ.તેઓને અમે ફીઝીશ્યનને મળીને ડાયાબિટીસના કારણે થતી અન્ય તકલીફ ન થાય તે માટે દવા લેવા સમજાવ્યા. ડાયાબિટીસની કુલ તપાસ પૈકી ૮૭% લોકોની તપાસ તદન મફત, ૦.૨% ની અંશત માફીથી અને ૧૨% લોકોની તપાસ પૂરેપૂરા નાણા ભર્યેથી કરવામાં આવી. ડાયાબિટીસ ધરાવતા બધા જ લોકોની ડાયાબિટીક રેટીનોપથીની તપાસ કરી અને ટ્રીટમેન્ટની જરૂર જણાય તે દર્દીઓની ટ્રીટમેન્ટ કરી.

## પ્રેઝન્ટેશન્સ

તા.૧થી ૩ ડીસેમ્બર.૧૭ ચેન્નાઈ ખાતે આયોજીત ૨જી કોંગ્રેસમાં ''મેન્યુઅલ સ્મોલ ઈન્સીસન કેટરેકટ સર્જરી (MSICS)'' પર ૨ વૈજ્ઞાનિક પેપર રજૂ કર્યા. જેના વિષય નીચે મુજબ છે.

(૧) સુરત જીલ્લાના આદિવાસી વિસ્તારના લોકોમાં ઓપરેશન પછી ની આંખ સંભાળ માટે સારવાર ન લેવા માટે થતા અંતરાય (મુશ્કેલી).

(૨) દક્ષિણ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં માંડવી બેઝ હોસ્પિટલમાં વિશાળ સંખ્યામાં થતા મોતિયાના ઓપરેશન પછી પુનઃપ્રાપ્ત થતી દ્રષ્ટિની ગુણવત્તા.

૩ થી ૪ જૂન દરમિયાન રાયપુર,છત્તીસગઢ ખાતે વિઝન ૨૦૨૦,રાઈટ ટુ સાઈટ; ઈન્ડિયાની ૧૩મી વાર્ષિક કોન્ફરન્સમાં બે વૈજ્ઞાનિક પેપર રજૂ કર્યા જેના વિષય નિચે મુજબ છે :–

- અનોખી પહેલ :– સુરત જીલ્લાના માંડવી તાલુકાની બેઝ હોસ્પિટલ ખાતે આવતા દર્દી અને તેમના સગાની ડાયાબિટીસની તપાસ : ત્રણ વર્ષનો અનુભવ.
- ગુજરાતના આદિવાસી વિસ્તારના ખૂબ મોટા જન સમૂહની ડાયાબિટીસ, ઝામર, હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીક રેટીનોપથીની તપાસ કરીને તેના પરીણામ મેળવ્યા. આ પેપરને બેસ્ટ સાયન્ટીફીક પેપરનો એવોર્ડ મળ્યો.
- ૨૨ થી ૨૫ ફેબ્રુઆરી કોઈમ્બતુર–તમિલનાડુ ખાતે ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજીકલ કોન્ફરન્સમાં ૧ સાયન્ટીફીક પોસ્ટર અને ૧ ઈપોસ્ટર રજૂ કર્યા. પોસ્ટરનો વિષય હોસ્પિટલમાં તપાસ માટે આવતા લોકોની ડાયાબિટીસની તપાસ વિશે હતો અને ઈપોસ્ટર ''ફંગલ કોર્નિયલ અલ્સર'' અને ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં થતી ફૂગનો પ્રકાર નકકી કરવો એ વિષય પર રજૂ કર્યુ.

ઉપરના વિષયો પર રાજકોટની ઓલ ગુજરાત ઓપ્થેલ્મોલોજીકલ કોન્ફરન્સમાં પણ ત્રણ સાયન્ટીફીક પેપર્સ રજૂ કર્યા.

## પ્રેઝન્ટેશન્સ, કોન્ફરન્સ અને વર્કશોપ

| ક્રમ | સ્ટાફનુ નામ | સ્થળ | તારીખ | વિષય | વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ડૉ.ઉદય ગજીવાળા | દિલ્હી | ૨૫.૦૪.૧૭ | પ્રધાનમંડળના પ્રતિનિધિ સાથે મિટીંગ | રિસોર્સ પર્સન |
| ૨ | ડૉ.અક્ષત શાહ | કોલકાતા | ૨૦/૨૧.૫.૧૭ | કોર્નીયલ ટ્રાન્સપ્લાન્ટ માટે ટ્રેનીંગ | સહભાગી |
| ૩ | ડૉ. આતીયા પઠાણ | વડોદરા | ૨૭/૨૮.૫.૧૭ | ઓકયુલર સરફેસ ડીસ ઓર્ડર | સહભાગી |
| ૪ | ડૉ.ઉદય ગજીવાળા ડૉ.રોહનભાઈ ચરીવાલા, નિખીલ મહેતા, કામિની, વિરલ, સુનીતા, દિપીકા, રંજન,વિપુલ, યતીન, માધવી | રાયપુર (છત્તીસગઢ) | ૩/૪.૬.૧૭ | વિઝન ૨૦૨૦ વાર્ષિક કોન્ફરન્સ | રિસોર્સ પર્સન/સહભાગી |
| ૫ | ડૉ.ઉદય ગજીવાળા | વડોદરા | ૧૮.૬.૧૭ | ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપ | રિસોર્સ પર્સન |
| ૬ | ડૉ.જાગૃતિ જરીવાલા / ડૉ.અક્ષત / ડૉ.સ્નેહલ / ડૉ.પ્રિયંકા | મુંબઈ | ૧૮.૬.૧૭ | એડવાન્સ ફેકો ટ્રેનીંગ | સહભાગી |
| ૭ | ડૉ.ઉદય ગજીવાળા | અમદાવાદ | ૨.૭.૧૭ | એકોર્ઈન કોન્ફરન્સ | રિસોર્સ પર્સન |
| ૮ | ડૉ.અક્ષત શાહ / ડૉ.આતીયા પઠાણ | દિલ્હી | ૫/૬.૮.૧૭ | કોર્નીયલ ટ્રાન્સપ્લાન્ટ હેન્ડ્સ ઓન | સહભાગી |
| ૯ | ડૉ.અક્ષત શાહ/ડૉ.પ્રિયંકા શાહ | મુંબઈ | ૧૧ થી ૧૩ /૮/૧૭ | બોમ્બે ઓપ્થેલ્મોલોજીસ્ટ વાર્ષિક કોન્ફરન્સ | સહભાગી |
| ૧૦ | જીજ્ઞેશ પટેલ/અલ્પેશ મિસ્ત્રી | પુણે | ૨૧ થી ૨૩ .૮.૧૭ | પ્રાયમરી આઈ કેર વર્કશોપ | સહભાગી |
| ૧૧ | ડૉ.અક્ષત શાહ/ડૉ.આતીયા પઠાણ | વડોદરા | ૨૭.૮.૧૭ | કોર્નીયા વર્કશોપ | સહભાગી |
| ૧૨ | નિખીલ મહેતા / વિમલ પ્રજાપતિ/ વિરલ ટેલર/ પ્રદિપ પટેલ / જીજ્ઞેશ પટેલ / અલ્પેશ મિસ્ત્રી | અમદાવાદ | ૯.૧૭ | ફલાય મોડ વર્કશોપ ઓન કવોલીટી | સહભાગી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | નિખીલ મહેતા /વિપુલ જોષી | મુંબઈ | ૧૩.૯.૧૭ | જી.એસ.ટી. વર્કશોપ | સહભાગી |
| ૧૪ | ડો. રોહન ચરીવાલા | હૈદ્રાબાદ | ૧૮/૧૯.૯.૧૭ | ડાયાબિટીક રેટીનોપથી ગાઈડલાઈન | લેખક તરીકે |
| ૧૫ | ડો. રોહન ચરીવાલા/ વિમલ પ્રજાપતિ | મદુરાઈ | ૪/૫.૧૦.૧૭ | હોસ્પિટલ માટે આર્કીટેક્ચરલ ડીઝાઈન | સહભાગી |
| ૧૬ | ડો. રોહન ચરીવાલા / ડો. શીતલ ચૌધરી | દિલ્હી | ૧૫.૧૦.૧૭ | લાયન્સ કોન્કલેવ | સહભાગી |
| ૧૭ | સુનીતા/દિપીકા/જયશ્રી | ભુવનેશ્વર (ઓરીસ્સા) | ૪/૫.૧૧.૧૭ | સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ ફોર ઓટી ટેકનીશ્યન | સહભાગી |
| ૧૮ | ડો. રોહન ચરીવાલા / રમેશ વસાવા | પૂણે | ૪/૫.૧૧.૧૭ | ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપ | સહભાગી |
| ૧૯ | ડો. રોહન ચરીવાલા | દિલ્હી | ૯/૧૦.૧૧.૧૭ | વર્કશોપ ફોર ડેવલપીંગ એકશન પ્લાન ફોર અચીવીંગ યુનિવર્સલ આઈ હેલ્થ | સહભાગી |
| ૨૦ | ડો. ઉદય ગજીવાળા/ ડો. રોહન/ડો. શીતલ | ચેન્નાઈ | ૧થી૩.૧૨.૧૭ | સેકન્ડ વર્લ્ડ કલાસ કોન્ફરન્સ ઓફ એસ.આઈ.સી.એસ | સહભાગી |
| ૨૧ | વિપુલ જોષી/ ચિંતન શિરોહીયા | બેંગ્લોર | ૮ થી ૯ .૧૨.૧૭ | ચશ્મા વેચાણ અંગે વર્કશોપ | સહભાગી |
| ૨૨ | સુનીતા/દિપીકા/જયશ્રી | વડોદરા | ૧૬.૧૨.૧૭ | ઈફેકટીવ એન્ડ એફીશીયન્ટ નર્સીસ | સહભાગી |
| ૨૩ | રંજન પરમાર / રમેશ વસાવા / નગીન વસાવા | મદુરાઈ | ૫/૬.૧.૧૮ | ટ્રેનીંગ ફોર પેશન્ટ કેર કાઉન્સેલર્સ | સહભાગી |
| ૨૪ | ડો. રોહન ચરીવાલા | હૈદ્રાબાદ | ૯ થી ૧૨ .૧.૧૮ | ઓપરેશનલ રીચર્સ પ્લાનીંગ વર્કશોપ | સહભાગી |
| ૨૫ | ડો. ઉદય ગજીવાળા | હૈદ્રાબાદ | ૧૬/૧૭.૦૨.૧૮ | સ્ટીઅરીંગ કમિટી મીટીંગ ડાયાબિટીક રેટીનોપથી પ્રોજેકટ | સહભાગી |
| ૨૬ | યતિન મિસ્ત્રી/ ચિરાગ ટેલર | હૈદ્રાબાદ | ૧૦ થી ૧૧ .૦૩.૧૮ | વિઝન ટેકનીશ્યન રીફ્રેશર ટ્રેનીંગ | સહભાગી |
| ૨૭ | ડો. રોહન ચરીવાલા | દિલ્હી | ૧૨.૦૩.૧૮ | ટાસ્ક ફોર્સ મિટીંગ | સહભાગી |
| ૨૮ | ડો. ઉદય ગજીવાળા | ગૌહતી (આસામ) | ૧૯.૦૩.૧૮ | કવોલીટી કંટ્રોલ વર્કશોપ | રીસોર્સ પર્સન |
| ૨૯ | વિપુલ જોષી /સતિષ રબારી / શિવાની સૂચલ | નવસારી | ૨૩.૦૩.૧૮ | ચશ્મા વેચાણ અંગે વર્કશોપ | સહભાગી |

### કેસ સ્ટડી

સાગબારા ગામના વતની ધર્મેન્દ્રભાઈ વસાવા (ઉ.વર્ષ: ૨૮)ને આંખમાં ઝાંખુ દેખાતું હોવાથી સાગબારા વિઝન સેન્ટર પર બતાવવા ગયા હતા. ત્યાં તપાસ કરતા તેમને પડદાની તકલીફ હોય, તેવું લાગ્યું. તેથી તેમને માંડવી રીફર કર્યા.

ધર્મેન્દ્રભાઈને ખેંચની બિમારી હોવાથી આંખની નસને નુકશાન થયું હતું અને ઝાંખુ દેખાતુ હતું. વધુ ઘનિષ્ઠ તપાસ કરાવવા ધર્મેન્દ્રભાઈના બ્લડ રીપોર્ટ અને MRI કરાવ્યા. આ બધી તપાસને અંતે તેમને ન્યુરો ઓપ્થેલ્મોલોજીસ્ટને બતાવ્યું. નિદાન થયા બાદ ડોકટરે સ્ટીરોઈડસના ઈંજેકશન આપ્યા. ધર્મેન્દ્રભાઈ જયારે જાન્યુઆરી ૨૦૧૭માં પહેલીવાર બતાવવા આવ્યા, ત્યારે બન્ને આંખમાં ૧ મીટર જેટલું વીઝન હતું. ઈંજેકશનની સારવાર લીધા બાદ હવે જાન્યુઆરી ૨૦૧૮માં તેમનું વીઝન ૬/૬૦ (બન્ને આંખમાં) છે.

ધર્મેન્દ્રભાઈ સાગબારામાં ઝેરોક્ષની દુકાન ધરાવે છે. તેથી આંખની તકલીફ થવાથી ખૂબ ગભરાઈ ગયા હતા. પરંતુ હવે ફરી દેખાતું થતા, તેઓ અને તેમના માતા–પિતા ખુબ ખુશ છે. હવે તેઓ ધર્મેન્દ્રભાઈના લગ્ન પણ કરાવશે.

## આઉટરીચ એક્ટીવીટી (ક્ષેત્રીય કામગીરી)

### નિદાન કેમ્પ :

આંખના નિદાન કેમ્પ આંખની હોસ્પિટલ માટે અત્યંત અસરકારક ઘટક છે.તેથી શરૂઆતથીજ કેમ્પના આયોજન, પ્રચાર, અમલીકરણ માટે સઘન પ્રયત્નો કર્યા હતા. કેમ્પના દર્દીઓને મળતી વાહનવ્યવહાર, ભોજન, ઓપરેશન, દવા–ચશ્માની સુવિધા અને ગુણવત્તાને કારણે કેમ્પમાં બતાવવા આવતા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર છે.

ગત વર્ષે કુલ ૩૧૯ કેમ્પ થયા. કુલ ઓપીડી સંખ્યા ૩૭૫૨૦ અને ઓપરેશનો (૫૨૩૯ મોતીયાના અને ૩૧૪ અન્ય)– ૫૫૫૩ થયા એટલેકે કુલ ઓપરેશનો પૈકી લગભગ ૪૫% ઓપરેશનો કેમ્પ દ્વારા મળેલા દર્દીના થયા.

અત્યાર સુધી કેમ્પના પ્રચાર માટે ફોર વ્હીલર ગાડી વીથ ડ્રાયવર અને પ્રચારક એમ બે વ્યકિત દ્વારા પ્રચાર કરતા હતા. કેમ્પના પ્રચારની ટ્રેનીગ માટે સ્ટાફને પૂના મોકલ્યા ત્યાં તેમજ સ્ટાફના શૈક્ષણિક પ્રવાસમાં દાહોદ ગયા ત્યાં જોયું કે કેમ્પનો પ્રચાર ટુ વ્હીલર પર એક જ વ્યકિત કરે અને રેકોર્ડેડ મેસેજ દરેક ગામમાં સંભળાવે તો ફોર વ્હીલર અને ૧ સ્ટાફની બચત થઈ શકે અને કેમ્પનો કુલ ખર્ચ ઘટે. તેથી નજીકના વિસ્તારના કેમ્પના પ્રચાર માટે આ પધ્ધતિ અમલમાં મૂકી.

કેમ્પની સફળતા માટે સ્થાનિક લોકો પણ ભાગ લે અને પ્રચારમાં મદદરૂપ થાય તો તે પણ ઘણું આવકારદાયક છે. તેથી સ્થાનિક આગેવાનોને સામેલ કરવાનું જૂન ૧૭ થી શરૂ કર્યુ. કેમ્પની પહેલા અને પછી SMS કરવાનું શરૂ કર્યુ . આમ ખર્ચ ઘટાડવા અને સ્થાનિક લોકોને વધુ જવાબદારી લેવા પ્રોત્સાહિત કર્યા.

દર વર્ષે જે સ્પોન્સર્સ નિયમિત કેમ્પ સ્પોન્સર કરે છે તે ઉપરાંત આ વર્ષે પહેલી વાર ડાંગના મહાલ વિસ્તારમાં કેમ્પનું આયોજન કર્યુ. આહવામાં એક નવા ટ્રસ્ટ દ્વારા ચેરીટેબલ હોસ્પિટલ શરૂ થનાર છે. ત્યાં એક નિદાન કેમ્પનું આયોજન કર્યુ અને કાકરાપાર અણુમથક દ્વારા મેગા કેમ્પનું આયોજન કર્યુ.

આ વર્ષે કુલ ૩૬૯ કેમ્પ થયા જેમાં કુલ ૪૬૭૩૫ ઓપીડી અને કુલ ૫૨૪૩ ઓપરેશનો તથા સ્પેશ્યાલીટી રીફર ૨૩૪૮ થયા.

કેમ્પ ઉપરાંત આ વર્ષે માલીબા (યુનિવર્સીટી) ના કોલેજના આચાર્યની વિનંતીથી કોલેજમાં અને શાળામાં અભ્યાસ કરતા કુલ ૧૪૦૪ વિદ્યાર્થીઓની આંખની તપાસ કરવામાં આવી.તે જ રીતે સુરતની શેલ ઓઈલ કું ની વિનંતીથી હજીરા વિસ્તારની બધીજ શાળાઓના ૯૮૧૮ જેટલા વિદ્યાર્થીઓની આંખની તપાસ થઈ જેની વિગત આગળ આપી છે.

મીશન ફોર વીઝન દ્વારા સ્પોન્સર બ્રીજસ્ટોન ટાયર કું.ના ટ્રક ડ્રાઈવર્સની આંખની તપાસનું આયોજન ૧૦ મી નવેમ્બરના રોજ કર્યુ.જેમાં ૬૩ ડ્રાઈવર્સની તપાસ થઈ અને ૭ ડ્રાઈવર્સને ચશ્માનાં નંબરની ખામી હતી અને પાંચને સ્પેશ્યાલીટી માટે રીફર કર્યા.

કેમ્પની વિગતવાર માહિતી ટેબલ નંબર ૧૦ માં આપી છે.

### નેત્રંગ–ઝંખવાવ–સાગબારા–ઉચ્છલ–બારડોલી :

નેત્રંગ,ઝંખવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આંખની સારવારની કામગીરી તો દિવ્યજયોતિ ટ્રસ્ટ છેલ્લા ૬ વર્ષથી સંભાળે છે.

